Divyabhaskar (Suppl.: Citybhaskar)

EDII

January 24, 2025
Pg. 3

GIRLS IN EDUCATION શહેરનાં શૈક્ષણિક સંસ્થાનોમાં યુવતીઓની સંખ્યા અંગે માહિતી પ્રાપ્ત કરાઈ

# સાયન્સ અને ક્રિયેટિવ ક્ષેત્રમાં યુવતીઓનું વર્ચસ્વ, જ્યારે PhD અને ટેકનિકલ ક્ષેત્રે હજુ સંખ્યા ઓછી

**ગાંધીનગરઃ** આજે 'નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે' અને 'ઈન્ટરનેશનલ ડે ઑફ એજ્યુકેશન'ની ઊજવણી કરવામાં આવી રહી છે. ત્યારે શહેરની વિવિધ ઈન્સ્ટિટ્યૂટ્સમાં મેલ-ફિમેલ રેશિયો, છોકરીઓ માટેની ખાસ સ્કિમ્સ અને સુરક્ષા માટેની વ્યવસ્થાઓ અંગે જાણકારી પ્રાપ્ત થઈ છે. IIT ગાંધીનગરમાં 46 ટકા, EDIIમાં 23 ટકા, NIFTમાં 85 ટકા અને નિરમા યુનિવર્સિટીમાં 36 ટકા ફિમેલ રેશિયો છે. શહેરની ઈન્સ્ટિટ્યૂટ્સમાં છોકરીઓની વધતી સંખ્યા અને તેમની પ્રગતિ માટેના પ્રયાસો બતાવે છે કે એજ્યુકેશનમાં જેન્ડર ઈક્વાલિટી તરફ મહત્વપૂર્ણ પગલાં લેવાઈ રહ્યા છે.

## ઈક્વલ ઓપોર્ચ્યુનિટી સેલ યુવતીઓ માટે ભેદભાવ વિમુક્ત અને અનુકૂળ વાતાવરણ સર્જે છે

### IIT ગાંધીનગર

IIT ગાંધીનગરમાં છોકરીઓ માટેનો મેલ-ફિમેલ રેશિયો 54:46 છે. MA પ્રોગ્રામમાં છોકરીઓનો રેશિયો 57%, PhDમાં 38%, MScમાં 34% છે. જ્યારે BTechમાં 20% અને MTechમાં 25% છે, જે અન્ય પ્રોગ્રામની સરખામણીએ ઓછો છે. છોકરીઓ માટે વિવિધ સ્કોલરશિપ્સની વ્યવસ્થા છે, હોસ્ટેલની સલામત સુવિધાઓ અને 24x7 સુરક્ષા ગાર્ડ ઉપલબ્ધ છે.

### નિરમા યુનિવર્સિટી

નિરમા યુનિવર્સિટીમાં છોકરીઓનું કુલ પ્રમાણ 36.69% છે. ખાસ કરીને ફાર્મસીમાં 55.60%, સાયન્સમાં 77.73%, લૉમાં 57.64%, આર્કિટેક્ચરમાં 60.30%, કોમર્સમાં 51.97% અને ડિઝાઈનમાં 72.31% જેવા કોર્સમાં છોકરીઓની નોંધણી વધારે છે. કેમ્પસમાં વુમન ડેવલપમેન્ટ સેલ અને ઈક્વલ ઓપોર્ચ્યુનિટી સેલ છોકરીઓ માટે ભેદભાવ વિમુક્ત અને અનુકૂળ વાતાવરણ સર્જે છે.

**NIFT :** NIFTમાં છોકરીઓનો રેશિયો ખૂબ ઊંચો છે. કુલ 894 વિદ્યાર્થીઓમાં 758 છોકરીઓ છે, જે 85% છે. યુનિવર્સિટીમાં છોકરીઓની સલામતી માટે ઈન્ટર્નલ કૉમ્પ્લેન કમિટી કાર્યરત છે, જે સેક્સ્યુઅલ હરેસમેન્ટને અટકાવવા માટે કાર્ય કરે છે અને સમયાંતરે જાગૃતતા સત્રોનું આયોજન કરે છે.

**EDII :** EDIIમાં ઉદ્યોગસાહસિકતા પર આધારિત કોર્સમાં છોકરીઓ અને છોકરાઓનો રેશિયો 23:78 છે. મેરિટ બેઝ્ડ સ્કોલરશિપ હેઠળ છોકરીઓને રૂ. 25,000 પ્રતિ વર્ષ અપાય છે. સેક્સ્યુઅલ હેરેસમેન્ટ વિરોધી નીતિ, આંતરિક ફરિયાદ સમિતિ અને પ્રોફેશનલ કાઉન્સેલિંગની સુવિધાઓ ઉપલબ્ધ છે.